# HISTORY
# PAPER–III
# OCT–10/08

Signature of Invigilators

1. ..................................

2. ..................................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..................................

..................................
(in words)

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.
૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

SEAL

Total Marks obtained ..................................

Signature of the co-ordinator ....................

(Evaluation)

## HISTORY
## PAPER III

## ઇતિહાસ
## પેપર III

*Note :* This paper contains **FOUR** Sections. You are required to attempt **ALL** of them.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

### SECTION I
### વિભાગ I

*Note :* Choose any ***one*** elective from elective I to III and answer both the questions (Q. No. **1** and Q. No. **2**) of the same elective in **500** words. (2×20=40)

**નોંધ :** વિકલ્પ I થી III માંથી **એક** વિકલ્પ પસંદ કરો અને તે જ વિકલ્પના બંને પ્રશ્નો (**૧** અને **૨**) ના જવાબ દરેકનો **૫૦૦** શબ્દો સુધીમાં આપો. (૨×૨૦=૪૦)

**(Elective I)**

**(વિકલ્પ I)**

1. Critically examine the sources for the history of the Mauryan period.
   મૌર્ય યુગના ઇતિહાસના આધાર સાધનોનું વિવેચનાત્મક પરીક્ષણ કરો.
2. Account for the rise of the Mahayan Sect.
   મહાયાન સંપ્રદાયના ઉદયનાં કારણો દર્શાવો.

***OR* (અથવા)**

**(Elective II)**

**(વિકલ્પ II)**

1. Discuss the Deccan policy of the Mughals.
   મુગલોની દખ્ખણ નીતિની ચર્ચા કરો.
2. Trace the growth of Urban centres during the medieval period.
   મધ્યયુગના શહેરી કેન્દ્રોનો વિકાસ આલેખો.

***OR* (અથવા)**

**(Elective III)**

**(વિકલ્પ III)**

1. Write an essay on 'Dyarchy'.
   'દ્વિમુખી શાસન' ઉપર નિબંધ લખો.
2. Discuss the role of women in the Indian National Movement.
   ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં સ્ત્રીઓએ ભજવેલી ભૂમિકાની ચર્ચા કરો.

**Q. No. 1. Elective ...............**

**Q. No. 2. Elective ...............**

## SECTION II

## (વિભાગ II)

*Note :* Choose any ***one*** elective from elective I to III and answer *all* the questions (Q. No. **3** to Q. No. **5**) of the same elective in **300** words. (3×15=45)

**નોંધ :** વિકલ્પ I થી III માંથી **એક** વિકલ્પ પસંદ કરો અને તે જ વિકલ્પના બધાજ પ્રશ્નો (**૩** થી **૫**) ના જવાબ દરેકનો **૩૦૦** શબ્દો સુધીમાં આપો. (૩×૧૫=૪૫)

### (Elective I)

### (વિકલ્પ I)

3. Bring out the difference between Neolithic and Chalcolithic culture.

   નૂતન પાષાણ અને તામ્ર અસ્મ સંસ્કૃતિનો તફાવત દર્શાવો.

4. Give an idea of the political assemblies of the Vedic period.

   વૈદિક યુગની રાજકીય સભાઓનો ખ્યાલ આપો.

5. Elaborate the concept of 'Greater India'.

   'વિશાળ ભારત' નો ખ્યાલ વિસ્તૃત કરીને સમજાવો.

***OR* (અથવા)**

### (Elective II)

### (વિકલ્પ II)

3. Explain the nature and importance of 'Din-i-Ilahi'.

   'દીન-એ-ઈલાહી' નું સ્વરૂપ તથા મહત્વ સમજાવો.

4. Write a note on sea ports during the medieval period.

   મધ્યયુગ દરમ્યાન સમુદ્રી બંદરો ઉપર એક નોંધ લખો.

5. Explain the significance of the study of the regional history.

   પ્રાદેશિક ઈતિહાસના અભ્યાસનું મહત્વ સમજાવો.

**OR (અથવા)**

**(Elective III)**

**(વિકલ્પ III)**

3. Examine the provisions of the Act of 1858.

   1858 ના કાયદાની જોગવાઈઓનું પરીક્ષણ કરો.

4. Review the role of Christian missionaries in the development of education during the second half of the 19th century.

   19 મી સદીના ઉત્તરાર્ધમાં શિક્ષણના વિકાસમાં ખ્રિસ્તી મિશનરીઓની ભૂમિકાની સમીક્ષા કરો.

5. Highlight the main features of the Indian Constitution.

   ભારતીય બંધારણની મુખ્ય લાક્ષણિકતાઓ ઉપર પ્રકાશ પાડો.

**Q. No. 3. Elective ...............**

**Q. No. 4. Elective ...............**

**Q. No. 5. Elective ...............**

## SECTION III
## (વિભાગ III)

*Note :* Answer the following questions in **50** words each. Attempt *all* questions (Q. No. **6** to Q. No. **14**). (9×10=90)

**નોંધ :** નીચેના દરેક પ્રશ્નનો જવાબ **૫૦** શબ્દોમાં આપો. બધા જ પ્રશ્નોના જવાબ આપો (**૬** થી **૧૪**) (૯×૧૦=૯૦)

6. Describe the impact of the Macedonian invasion on India.
ભારત ઉપર મેસિડોનિયાના આક્રમણનો પ્રભાવ વર્ણવો.

7. Point out the political achievements of Gautamiputra Satakarni.
ગૌતમીપુત્ર શાતકર્ણીની રાજકીય સિદ્ધિઓ દર્શાવો.

8. Narrate the development of science during the Gupta period.
ગુપ્ત યુગ દરમ્યાન વિજ્ઞાનનો વિકાસ વર્ણવો.

9. Comment on the market reforms of Alauddin Khalji.
અલાઉદ્દીન ખલજીના બજાર અંગેના સુધારાઓનું પરીક્ષણ કરો.

10. Write a brief note on the working of Ashtapradhan Mandal of Shivaji.
શિવાજીના અષ્ટપ્રધાનમંડળની કામગીરી અંગે ટૂંક નોંધ લખો.

11. Describe the Judicial reforms of Lord Cornwallis.
લોર્ડ કોર્નવોલિશના ન્યાયકીય સુધારાઓનું વર્ણન કરો.

12. What were the main provisions of the Factory Act of 1881 ?
૧૮૮૧ ના ફેક્ટરીના કાયદાની મુખ્ય જોગવાઈઓ શી હતી ?

13. Describe the contribution of the main female leaders in the revolt of 1857.
૧૮૫૭ ના વિદ્રોહમાં મુખ્ય મહિલા આગેવાનોના યોગદાનનું વર્ણન કરો.

14. Mention the main principles of Nazism.
નાઝીવાદના મુખ્ય સિદ્ધાંતો દર્શાવો.

## SECTION IV
## (વિભાગ IV)

*Note :* Read the following paragraph and answer questions (Q. No. **15** to Q. No. **19**) given below in **30** words each. Attempt *all* questions.

(5×5=25)

**નોંધ :** નીચેનો પેરેગ્રાફ વાંચી આપેલ દરેક પ્રશ્નો (**૧૫** થી **૧૯**) ના જવાબ **30** શબ્દોમાં આપો. બધા જ પ્રશ્નોના જવાબ આપો. (૫×૫=૨૫)

When all this was happening, V.D. Savarkar was in Paris and he decided to go back to London to resume his work. Shyamji Krishna Varma and Lala Hardayal and Madame Cama tried to dissuade him from taking the risk but he refused to accept their advice and went to London. As soon as he reached London, he was arrested on March 13, 1910. Apprehending his death to be near, Savarkar wrote the following letter to his brother's wife : "We had taken

a solemn pledge to free our country from political slavery. We are proud to lay down our lives one by one to attain our goal. It is a great day for me—the day of the fruition of all my aspirations. I am extremely glad that I have done my bit to free my mother from the shackles of bondage. **Oh my Motherland ! I have already offered at your feet my youth, my pleasures, my sweet home, my purse and my brother and sister. Here am I ready to offer my body. Thanked be they who have dedicated their lives to the service of the nation.** Dear sister-in-law, entertain such thoughts and hold on to your pledge and add lustre to the fair name of the family." The view of the Government of India was that V.D. Savarkar had a hand in the Nasik Conspiracy and consequently orders were passed for his removal to India. He tried to escape when his ship was near the Port of Marseilles. He jumped into the sea and successfully reached the shore but was illegally caught by British officers on the French soil. On reaching India, he was put up for trial. He was convicted and sentenced to 50 years' imprisonment and transportation on March 22, 1911. He was sent to the Andamans at the ege of 28. It is stated that when the Jailor came to know that he was put in Jail for 50 years, he exclaimed : "Oh God ! Fifty years". The reply of Savarkar was "why worry ! Fifty years. Is the British rule going to survive these fifty years ?" In 1924, Savarkar was brought to India along with his brother Ganesh. He was released in 1937 when the Congress Ministry came to power.

Sardar Singh Rana was closely associated with the editing of the papers like the Vande Mataram, Indian Freedom and Talwar. He gave money when Hem Chandra was sent to Russia by the revolutionaries to learn the technique of making the bomb. He was responsible for the smuggling of twenty automatic

shining pistols and bullets into India and one of those bullets was used for killing Jackson. During the First World War, he was sent to a remote Island from where he was released after the end of the war.

આ બધું જયારે બની રહ્યું હતું, ત્યારે વી.ડી. સાવરકર પેરિસમાં હતા. તેમણે લંડન જઈ પોતાનું કામ પુનઃ શરૂ કરવાનો નિર્ણય કર્યો. શ્યામજી કૃષ્ણ વર્મા, લાલા હરદયાળ અને મેડમ કામાએ તેમને આ જોખમ લેવાથી રોકયા પરંતુ તેમણે તેમની સલાહ અવગણી અને લંડન ગયા. લંડન પહોંચતાની સાથે જ ૧૩ માર્ચ, ૧૯૧૦ માં તેમની ધરપકડ કરવામાં આવી. પોતાનું મૃત્યુ નજીક છે, એમ માનીને સાવરકરે પોતાના ભાઈની પત્નીને નીચેનો પત્ર લખ્યો. ''અમે અમારા દેશને રાજકીય ગુલામીમાંથી મુક્ત કરવાનો પવિત્ર કોલ આપ્યો છે. અમે એક પછી એક અમારા ધ્યેયની પ્રાપ્તિ માટે અમારી જીંદગી કુરબાન કરી દેવા માગીએ છીએ. એ મારા માટે મારી આકાંક્ષાઓના ધ્યેયસિદ્ધિનો એક મહાન દિવસ છે. હું અત્યંત ખુશ છું કે હું મારી માતાને ગુલામીના બંધનોમાંથી મુક્ત કરવા માટે કંઈક કરી શકયો છું. **ઓ મારી માતૃભૂમિ ! મેં મારી યુવાની, મારા સુખો, મારું પ્રિય ઘર, મારું ધન, મારા ભાઈ અને બહેન બધું તમારા ચરણે ધરી દીધું છે. હવે હું મારું શરીર તમને ધરું છું. તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે જેમણે પોતાનાં જીવન દેશ સેવા માટે અર્પણ કરી દીધા છે.** પ્રિય ભાભી આવા વિચારો કરજો અને તમારા વચનને વળગી રહેજો અને કુટુંબના શુભ નામના ગૌરવમાં વૃદ્ધિ કરજો.'' ભારત સરકારનું દૃષ્ટિબિંદુ એ હતું કે વી.ડી. સાવરકર નાસિક ષડયંત્રમાં સંકળાયેલા હતા અને પરિણામે તેમને ભારત મોકલી દેવાના હુકમો કરવામાં આવ્યા હતા. તેમનું વહાણ માર્સેલ્સ બંદર પાસે હતું ત્યારે તેમણે નાસી જવા પ્રયત્ન કર્યો હતો. તેમણે સમુદ્રમાં કૂદકો માર્યો અને સફળતાપૂર્વક કિનારે પહોંચી ગયા પરંતુ ફ્રાંસની ભૂમિ ઉપર તેમને બ્રિટિશ અમલદારોએ ગેરકાયદેસર રીતે પકડી લીધા. ભારત પહોંચતા તેમના ઉપર કેસ ચલાવવામાં આવ્યો. તેમને ગુનેગાર ઠરાવવામાં આવ્યા અને ૫૦ વર્ષની જેલની સજા કરવામાં આવી. ૨૨ માર્ચ, ૧૯૧૧ માં તેમને કાળા પાણીની સજા ફરમાવાઈ. તેમને ૨૮ વર્ષની ઉંમરે આંદામાન મોકલવામાં આવ્યા. એમ કહેવાય છે કે જયારે જેલરે જાણ્યું કે તેમને ૫૦ વર્ષની જેલની સજા કરાઈ છે, ત્યારે તેણે આશ્ચર્ય સાથે કહેલું કે 'હે ઈશ્વર ! ૫૦ વર્ષ.' સાવરકરનો જવાબ હતો ''શા માટે ચિંતા કરો છો ? ૫૦ વર્ષ ! શું બ્રિટિશ શાસન ૫૦ વર્ષ ટકવાનું છે ?''

૧૯૨૪ માં સાવરકરને તેના ભાઈ ગણેશ સાથે ભારત લાવવામાં આવ્યા. ૧૯૩૭ માં જયારે કોંગ્રેસી પ્રધાનમંડળ સત્તા ઉપર આવ્યું ત્યારે તેમને મુક્ત કરાયા હતા.

સરદારસિંહ રાણા વંદેમાતરમ, ઈંડિયન ફ્રીડમ અને તલવારના સંપાદન સાથે નિકટ રીતે સંકળાયેલા હતા. જયારે હેમચંદ્રને ક્રાંતિકારીઓ દ્વારા બોંબ બનાવવાની પદ્ધતિ શીખવા માટે રશિયા મોકલવામાં આવ્યો ત્યારે તે અંગેનાં નાણાં સરદારસિંહે આપ્યા હતા. તેઓ વીસ સ્વયંસંચાલિત પિસ્તોલ અને ગોળીઓ ચોરી છૂપીથી ભારતમાં ઘુસાડવા માટે જવાબદાર હતા. આ ગોળીઓમાંથી એકનો ઉપયોગ જેકસનને મારવા માટે કરવામાં આવ્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન તેમને અતિ દૂર આવેલા ટાપુ ઉપર મોકલી દેવાયા હતા. યુદ્ધના અંત પછી તેમને ત્યાંથી મુક્ત કરાયા હતા.

15. Who dissuaded V.D. Savarkar from going back to London ?
કોણે વી.ડી. સાવરકરને લંડન ન જવા સમજાવ્યા હતા ?

16. What does Savarkar offer to Motherland in his letter to his brother's wife ?
સાવરકરે પોતાના ભાઈની પત્નીને લખેલા પત્રમાં માતૃભૂમિના ચરણે શું ધરી દેવાનું જણાવ્યું હતું ?

17. Where and how did Savarkar attempt to escape from the British police ?
સાવરકરે બ્રિટિશ પોલિસથી છટકવા માટે કયાં અને કેવી રીતે પ્રયત્ન કર્યો હતો ?

18. How did Savarkar react to the remark of jailor ?
જેલરની ટીકા અંગે સાવરકરે શું પ્રતિભાવ આપ્યો હતો ?

19. What activities Sardar Singh Rana was involved in ?
સરદારસિંહ રાણા કઈ પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા ?

ROUGH WORK

SEAL